# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-12-2025** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના પોરબંદરથી ઓમાનના મસ્કત સુધીની INSV કૌંડિન્યાની પ્રથમ યાત્રા પર ખુશી વ્યક્ત કરી
2) સંરક્ષણ સંપાદન પરિષદે સશસ્ત્ર દળોની ક્ષમતાઓ વધારવા 79 હજાર કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઝારખંડના જમશેદપુર ખાતે રાષ્ટ્રીય પ્રૌદ્યોગિક સંસ્થાના 15મા પદવીદાન સમારોહને સંબોધિત કર્યો.
4) સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા પર પોતાના અગાઉના આદેશ પર સ્ટે આપ્યો
5) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું , છેલ્લા 11 વર્ષમાં આસામ અને અન્ય પૂર્વોત્તર રાજ્યોમાં અભૂતપૂર્વ વિકાસ થયો
6) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું , પહેલી જાન્યુઆરીથી ઓસ્ટ્રેલિયામાં ભારતીય નિકાસ પર કોઈ કર નહીં લાગે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - INSV KAUNDINYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના ઐતિહાસિક દરિયાકાંઠાના શહેર પોરબંદરથી ઓમાનના મસ્કત સુધીની INSV કૌંડિન્યાની પ્રથમ સફર પર ખુશી વ્યક્ત કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ ચાલક દળને સલામત અને યાદગાર યાત્રા માટે શુભેચ્છાઓ પાઠવી હતી . તેમણે કહ્યું કે આ જહાજ પ્રાચીન ભારતીય સિલાઇ-જહાજ તકનીકનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે , જે દેશની સમૃદ્ધ દરિયાઈ પરંપરાઓને ઉજાગર કરે છે.

પ્રધાનમંત્રીએ આ અનોખા જહાજને જીવંત બનાવવા માટે તેમના સમર્પિત પ્રયાસો બદલ ડિઝાઇનર્સ, કારીગરો, જહાજ નિર્માતાઓ અને નૌકાદળને અભિનંદન આપ્યા.

. . . . . . . .

# REV. PM - CHESS CHAMPIONSHIP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દોહામાં FIDE વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અર્જુન એરિગાઇસી અને કોનેરુ હમ્પીને અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ ચેસ ગ્રાન્ડમાસ્ટર્સની રમત પ્રત્યેના તેમના સમર્પણ બદલ પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ પણ પાઠવી.

. . . . . . . . . . . . .

# DEFENCE - DAC

સંરક્ષણ સંપાદન પરિષદ- DAC એ સશસ્ત્ર દળોની ક્ષમતાઓ વધારવા માટે 79 હજાર કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં સંરક્ષણ સંપાદન પરિષદની બેઠકની અધ્યક્ષતા કરતા , સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે ત્રણેય સેવાઓના આ પ્રસ્તાવો માટે જરૂરિયાતની સ્વીકૃતિ- AoN મંજૂર કરી.

સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે , AoN ને વિવિધ સંરક્ષણ પ્રણાલીઓની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી હતી , જેમાં આર્ટિલરી રેજિમેન્ટ્સ માટે લોઈટર મુનિશન સિસ્ટમ , હળવા વજનના રડાર , પિનાકા મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમ માટે લાંબા અંતરના રોકેટ અને ભારતીય સેના માટે સંકલિત ડ્રોન ડિટેક્શન એન્ડ ઇન્ટરડિક્શન સિસ્ટમ એમ. કે.-2 સામેલ છે.

. . . . .

# EVE PRESIDENT - JHARKHAND VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે દેશ કચરાના વ્યવસ્થાપનમાં ટેકનિકલ કુશળતાની સાથે સામાજિક અને આર્થિક દ્રષ્ટિકોણની પણ જરૂર છે. રાષ્ટ્રપતિ આજે ઝારખંડના સરાયકેલા ખારસાવન જિલ્લાના આદિત્યપુરમાં રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થાન, જમશેદપુરના 15મા પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

સુશ્રી મુર્મુ એ વિદ્યાર્થીઓને માનવ કલ્યાણ માટે ટેકનોલોજીકલ વિકાસનો ઉપયોગ કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન ફક્ત રેન્કિંગ અને પ્લેસમેન્ટ દ્વારા જ નહીં , પરંતુ સમાજમાં તેમના યોગદાન દ્વારા પણ થવું જોઈએ.

. . . . .

# REV-SC ARAVALLI

સર્વોચ્ચ અદાલતે અરવલ્લી ટેકરીઓ અને અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા પર 20 નવેમ્બરના રોજ જાહેર કરેલા પોતાના આદેશ પર સ્ટે આપ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયાધીશ જેકે મહેશ્વરી અને એજી મસીહની વેકેશન ખંડપીઠે અરવલ્લીની વ્યાખ્યાના સંદર્ભમાં તપાસ માટે જરૂરી મુદ્દાઓની તપાસ કરવા માટે એક નવી નિષ્ણાત સમિતિની રચના કરવાનો પણ આદેશ આપ્યો છે.

આજે પોતાના ચુકાદામાં , સર્વોચ્ચ અદાલતે કહ્યું કે , અગાઉ મંજૂર કરાયેલી વ્યાખ્યાઓ પર સ્પષ્ટતા જરૂરી છે અને 20 નવેમ્બરના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતના નિર્દેશ હાલ સ્થગિત રહેશે. અદાલતે કેન્દ્ર અને ચાર અરવલ્લી રાજ્યો , રાજસ્થાન, ગુજરાત, દિલ્હી અને હરિયાણાને પણ નોટિસ પાઠવી જવાબ માગ્યો છે.

. . . . . . .

# BHUPENDER - SC ARAVALLI

કેન્દ્રીય પર્યાવરણ , વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે અરવલ્લી પર્વતમાળા અંગેના પોતાના આદેશ પર સ્ટે આપવાના સર્વોચ્ચ અદાલતના નિર્ણય અને મુદ્દાઓનો અભ્યાસ કરવા માટે એક નવી સમિતિની રચનાનું સ્વાગત કર્યું છે.

સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી યાદવે જણાવ્યું કે સરકાર અરવલ્લી પર્વતમાળાના રક્ષણ અને પુનઃસ્થાપન માટે તે મના મંત્રાલય પાસેથી માંગવામાં આવતી તમામ સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે ઉમેર્યું, હાલમાં, નવા ખાણકામ લીઝ તેમજ હાલના ખાણકામ લીઝના નવીકરણ માટે ખાણકામ પર સંપૂર્ણ પ્રતિબંધ અમલમાં છે.

. . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# EVE-AMIT SHAH-ASSAM VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આસામ અને અન્ય પૂર્વોત્તર રાજ્યોમાં છેલ્લા 11 વર્ષમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. શ્રી શાહે આસામની એક દિવસની મુલાકાત દરમિયાન અનેક પ્રકલ્પોનું ઉદ્ઘાટન કર્યું હતું. બટાદ્રાવા થાન ખાતે પુનઃવિકસિત મહાપુરુષ શ્રીમંત શંકરદેવ અબીર્ભવ ક્ષેત્રનું ઉદ્ઘાટન કર્યા પછી નાગાંવ જિલ્લામાં એક જાહેર રેલીમાં બોલતા શાહે કહ્યું કે, સરકાર આસામ અને વ્યાપક પૂર્વોત્તરમાં શાંતિ સ્થાપિત કરવામાં અને વિકાસને વેગ આપવામાં સફળ રહી છે.

(બાઇટ : AMIT-SHAH-ASSAM-DEVELOPMENT)

બાદમાં, શાહે ગુવાહાટી પોલીસ કમિશનર ઓફિસની નવી ઇમારત અને શહેરી સુરક્ષાને મજબૂત બનાવવાના હેતુથી એકીકૃત શહેર દેખરેખ પ્રણાલીનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ગુવાહાટીમાં 5 હજાર બેઠકો ધરાવતું ઓડિટોરિયમ , જ્યોતિ બિષ્ણુ સાંસ્કૃતિક સંકુલનું પણ ઉદ્ઘાટન કર્યું.

. . . . . . .

# EVE VIKSIT BHARAT G RAM G ACT

કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, કેન્દ્ર સરકાર મનરેગા યોજનામાં વિવિધ ખામીઓ અને અનિયમિતતાઓને દૂર કરવા માટે નવો કાયદો 'વિકસિત ભારત-જી રામ જી' લાવી છે.

ઉત્તરાખંડના ગૌચર ખાતે રાજ્ય સ્તરીય કિસાન દિવસ- 2025 કાર્યક્રમને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે મનરેગામાં અગાઉ 100 દિવસની રોજગારીની જોગવાઈ હતી, પરંતુ નવા કાયદામાં તેને વધારીને 125 દિવસ કરાયા છે. તેમણે ઉમેર્યું, ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા ફળદાયી છોડ પૂરા પાડવા માટે મુક્તેશ્વર ખાતે 100 કરોડ રૂપિયાના ખર્ચે સ્વચ્છ છોડ કેન્દ્ર સ્થાપિત કરાશે.

(બાઇટ : SHIVRAJ-SINGH-CLEAN-PLANT)

. . . . . . . . .

# REV. VIKSIT BHARAT G RAM G ACT (WITH VC)

વિકસિત ભારત - જી રામ જી કાયદાથી મોટાભાગના રાજ્યોને છેલ્લા સાત વર્ષની સરેરાશ ફાળવણીની તુલનામાં 17 હજાર કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થવાની સંભાવના છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા-SBI ના સંશોધન અહેવાલ મુજબ, આ કાયદાથી રાજ્યોને એકંદર ભંડોળ વિતરણમાં સુધારો થશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(વોઇસ કાસ્ટ : VC-ANKIT)

. . . . . . . . .

# GOYAL- INDIA-AUSTRALIAECTA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે પહેલી જાન્યુઆરીથી ઓસ્ટ્રેલિયામાં ભારતીય નિકાસ પર કોઈ કર નહીં લાગે . જેનાથી શ્રમ-સઘન ક્ષેત્રો માટે નવી તકો ખુલશે.

ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહકાર અને વેપાર કરારની ત્રીજી વર્ષગાંઠ પર , શ્રી ગોયલે જણાવ્યું કે આ કરારે છેલ્લા ત્રણ વર્ષમાં સતત નિકાસ વૃદ્ધિ , બજાર પહોંચ અને મજબૂત પુરવઠા શ્રેણી સ્થિતિસ્થાપકતા પ્રદાન કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં , તેમણે કહ્યું , આ કરાર ભારતીય નિકાસકારો , MSME, ખેડૂતો અને કામદારોને લાભ આપી રહ્યો છે.

. . . . . . . .